## Maree Murti Hā Hā Re

મળી મૂર્તિ હાંહાં રે (૨) અતિ સુખકારી,

Maree murti hā hā re (2) ati sukhakāree,

છે આનંદ આનંદ ભારી.. ટેક

Chhe ānand ānand bhāree…(chorus)

દિવ્ય મુગટ શિરે ચળકે,

Divya mugat shire charake,

ભાલ ચંદ્રતિલકથી ઝળકે,

Bhāl chandra tilakthi jharke,

બેઉ કર્ણે કુંડળ લળકે,

Be-u karane kundar larke,

ભ્રકુટી અનુપ,નેણે મોહ્યા ભૂપ, નાસિકાનું રૂપ,

Bhrakutee anup, nene mohyā bhoop, nāsikānu roop

જોઈને જાઉં વારી…છે આનંદ…૧

Joee ne jāu vāree…chhe ānand…(1)

મુખ જુઓ હાંહાં રે (૨) મંદહાસ્યવાળું, મરમાળું સુખનું દેનારું;

Mukh juo hā hā re (2) mandhāsyavāru, Marmālu sukhnu denāru;

ગૌર કપાળે જ્યોતિ છાજે, ટીબકડી ગાલે વિરાજે,

Gaur kapāle jyoti chhaje, Teebakdi gale virāje

મુછ રેખા ઊપડતી રાજે,

Mukh rekha oopadti rāje,

ચિબુક ચોરે ચિત્ત, કંઠે વાધે પ્રીત, જાણી રસરીત,

Chibuk chore chit, kanthe vādhe preet, jānee rasreet,

રસિકવર સારી…છે આનંદ…૨

Rasikvar sāree…chhe ānand…(2)

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com

ભીડી  ભુજા હાંહાં રે (૨) મળે અલબેલો, સુખ આપે છેલ છબીલો,

Bheedee bhujā hā hā re (2) mare albelo, Sukh āpe chhel chhabeelo,

વક્ષસ્થલ ને સ્તન છે સારા, નાભિ વર્તુલ કરે જગન્યારા,

Vakshsthal ne stan chhe sārā, Nābhi vartul ke jagnyārā,

સાથળ  જાનુ લાગે બહુ પ્યારા,

Sāthar jānu lāge bahu pyārā,

જંઘા રસધાર, ઘૂંટી ગોળાકાર, ચરણ સુખકાર,

Janghā rasdhār, ghootee gorākār, charan sukhkār,

મળ્યા અવતારી... છે આનંદ... ૩

Maryā avtāree…chhe ānand…(3)

અંગ દેખો હાં હાં રે (૨)  વિશેષ રૂપાળાં, બહુ નવલાં દિવ્ય સુખાળાં,

Ang dekho hā hā re (x2) visheshh roopārā, Bahu navlā divya sukhārā,

સુખ ભર્યું છે અંગોઅંગે, રોમ રોમે નવીન તરંગે,

Sukh bharyu chhe angoange, Rom rome naveen tarange,

તેમાં થીજ્યા અનાદિ ઉમંગે,

Temā theejyā anādi umange,

સદાનો પ્રસંગ, નવીન અભંગ, લે છે સુખરંગ,

Sadāno prasang, naveen abhanga, le chhe sukhrang,

દે છે હિતકારી.. છે આનંદ. ૪

De chhe hitkāree…Chhe ānand…(4)

રાખ્યા મુક્તો હાંહાં રે (૨) સ્વમૂર્તિમાંય, કરી કૃપા અતિ હરિરાય;

Rākhyā mukto hā hā re (2) svamurtimāy, Karee krupā ati harirāy,

શરણાગતને ન્યાલ બનાવ્યા, અક્ષરાતીત કરીને ઠેરાવ્યા,

Sharanāgatne nyāl banāvyā, Aksharāteet kareene therāvyā,

રાખી મૂર્તિમાં ખૂબ રીઝાવ્યા,

Rākhee murtimā khoobh reejāvyā,

પામી સુખ ખાસ, દાસતણો દાસ, કરે અરદાસ,

Pāmee sukh khās, Dāstano dās, kare ardās,

વ્હાલા નિત્ય તારી.છે આનંદ.  ૫

Vhālā nitya tāree…chhe anānd…(5)

© Maninagar Shree Swaminarayan Gadi Sansthan, 2004
www.SwaminarayanGadi.com